લોકડાઉન દરમ્યાન વિભાગોમાં કર્મચારી/ અધિકારીઓની હાજરી બાબત..

વંચાણમાં ૧ નામ.સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગ સચિવાલય ગાંધીનગરના તા.૧૯.૫.૨૦૨૦ના પરિપત્ર
લીધા ક્રમાંક પરચ-૧૦૨૦૨૦-૫૦૧—ટ
૨ અત્રેની કચેરીના તા. ૨૦.૫.૨૦૨૦ના શેરા ક્રમાંક જા.નં. નકૃયુ/રજી./અ.૩.૨/૩૩૪૫-૯૪/૨૦૨૦

## :: પરિપત્ર::

ઉપરોક્ત વંચાણમાં લીધેલ ક્રમ-૧ના પરિપત્ર તથા ક્રમ-૨થી તા.૩૧.૫.૨૦૨૦ સુધી રાજયભરમાં લોકડાઉન લંબાવવામાં આવેલ છે. નામ.સરકારશ્રીના પરિપત્રમાં જણાવ્યા મુજબની સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવેલ છે. સરકારશ્રીના તા.૧૯.૫.૨૦૨૦ના પરિપત્રમાં જણાવ્યા મુજબ રાજયના અન્ય તમામ જિલ્લાની **Containment zone** ના બહારના વિસ્તારની તમામ કચેરીઓ ૧૦૦% સ્ટાફ સાથે કાર્યરત રહેશે તે મુજબની સૂચનાઓ અમલમાં છે. જેને ધ્યાનમાં લઈને નવસારી કૃષિ યુનિવર્સિટીઓના તમામ યુનિટ/સબ યુનિટ ની કચેરીઓ ૧૦૦% સ્ટાફ સાથે કાર્યરત રહેવા માટે સૂચનાઓ જારી કરવામાં આવેલ હતી. પરંતુ નવસારી કૃષિ યુનિવર્સિટીની કેટલીક કચેરીઓમાં અધિકારી/કર્મચારીઓ લોકડાઉનનું કારણ આગળ ધરીને પોતાની ફરજ ઉપર હાજર થયેલ નથી.આથી યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીઓને જણાવવામાં આવે છે તેઓની કચેરીમાં અધિકારી/કર્મચારીઓની હાજરી અંગે નિયમિતતા અને સમયપાલન જળવાઈ રહે તે માટે ખાસ સૂચના આપવામાં આવે છે.જો અધિકારી/કર્મચારી પોતાની ફરજ ઉપર હાજર નહી રહેશે તો તેઓને જે તે નિકળતી રજાઓ મૂકવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે **Containment Zone** માં રહેતા અધિકારી/કર્મચારીઓને મુકિત આપવામાં આવે છે પરંતુ **Containment Zone** માં રહેતા અધિકારી/કર્મચારીઓએ કચેરીને અવશ્ય જાણ કરવાની રહેશે તથા કચેરીમાં હાજર થયેથી **Containment Zone** અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

સદર પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદર પરિપત્ર માન.કુલપતિશ્રી આજ્ઞાનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૩.૨/**૩૭૪૫-૯૪**/ ૨૦૨૦
ન.કૃ.યુ. નવસારી તા.૨૭.૫.૨૦૨૦

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી ન.કૃ.યુ. નવસારી તરફ જાણ સારુ..
(૨) યુનિવર્સિટીના તમામ કોલેજ/પોલીટેકનીના ડીનશ્રી/ આચાર્યશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ સારુ .
(૩) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ સારુ .